ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.**

Date: 17th July, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................................,
ભાવનગર.

## પ્રોફેસર અને ખગોળ વિદ સ્વ. સુભાષભાઈ મહેતાને સ્મરણાંજલિ

### ગુરૂ પૂર્ણીમાની મધ્યરાત્રીએ ૭૦૦ થી વધારે ખાગોળ પ્રેમીઓએ ટેલીસ્કોપ દ્વારા નિહાળ્યું વર્ષનું સૌથી મોટું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૭વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

અવકાશમાં રોજે રોજ બનતી અનેક અવકાશીય ઘટનાઓ કોઈને કોઈ રીતે દરેકને પોતાના તરફ આકર્ષતી રહી છે. આ ઘટનાઓ પૈકીની મોટા ભાગની ઘટનાઓ નરી આંખે નિહાળવી એ એક અદભુત લહાવો છે. આ દરેક ઘટના પાછળ રહેલું ખગોળ વિજ્ઞાન સતત આપણને પ્રેરતું રહ્યું છે. સુભાષ સરને સ્મરણાંજલિ આપતા તેના જ્ઞાન-રથને ખગોળપ્રેમી સુધી પહોચાડવા અને લોકોને ખગોળ વિજ્ઞાન તથા તેની સાથે જોડાયેલ રસપ્રદ ઘટનાઓથી માહિતગાર કરવાના હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર **તા:૧૬ જુલાઈ,૨૦૧૯ને ગુરુપૂર્ણિમાના દિવસે મધ્ય રાત્રિએ ૧૨:૧૩ કલાકથી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી તખ્તેશ્વર મહાદેવના મંદિર ખાતે** આ વર્ષનું સૌથી મોટું ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો ભવ્ય નજારો નિહાળવા માટે ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા **ભાવનગરના બીજા નંબરના સૌથી મોટા ટેલીસ્કોપ 'સુભાષ -૧૨' અને ત્રણ ગેલેલીયન ટેલીસ્કોપ વડે** ભાવેણાની ખગોળપ્રેમી જનતા માટે ટેલિસ્કોપ દ્વારા આ ગ્રહણનું નિદર્શન કરાવવામાં આવેલ.

ઉપરાંત આ કાર્યક્રમ વિશેની વિશેષ માહિતી અને સમજુતી માટે વિજ્ઞાન કેન્દ્ર દ્વારા **તા:૧૬ જુલાઈ,૨૦૧૯ને ગુરૂપૂર્ણિમાના દિવસે સાંજે ૭:૦૦ કલાકથી ૮:૦૦ કલાક સુધી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પર સ્વ. પ્રો.સુભાષભાઈ મહેતાની જ્ઞાન વિચાર શ્રેણી મુજબ ગ્રહણ સાથે રહેલી માન્યતાઓ, શ્રદ્ધાઓ અને અંધશ્રદ્ધાઓ વિષે સચિત્ર વૈજ્ઞાનિક સમજુતી** લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પર હર્ષદભાઈ જોષી દ્વારા આપવામાં આવેલ.

ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં ૭૦૦ થી વધારે ખગોળ રસિકો હાજર રહેલ.

17-7-19
(હર્ષદ જોષી) 6 AM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20